શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૮

અંક : ૧

## સ્ટાર્ટઅપ ઈન્ડીયા અભિયાન

નવા ઉદ્યોગ શરુ કરનાર લોકો માટે સ્ટાર્ટઅપ ઈન્ડીયા અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ છે. યુવાનોએ નોકરી શોધવાની માનસિકતા માંથી બહાર આવીને નોકરી દેવાની માનસિકતા અપનાવવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નિર્દેશ આપ્યો હતો.

દેશમાં સ્ટાર્ટઅપ બીઝનેસને પ્રોત્સાહન આપવા માટે નિયમો હળવા કરાશે તેમ જણાવવામાં આવેલ છે. ૩ વર્ષ સુધી ઈન્કમટેકસમાંથી મુકિત મળશે તથા કોઈ અધિકારી તપાસ માટે આવશે નહી જેથી ઈન્સપેકશનની ઝંઝટ રહેશે નહી. એપ્રિલ ૧ ૬થી સ્ટાર્ટઅપ ઈન્ડીયા વેબ પોર્ટલ અને મોબાઈલ એપ શરુ થશે. જેનો યુવાઓ લાભ લઈ શકશે.

### રમુજ એક થેરપી

કાકાઃ ડોકટર સાહેબ, મને વહેમ રહયા કરે છે કે કોઈ મારો પીછો કરે છે.

ડોકટરઃ એ વહેમ નથી, તમારૂ આગલુ બીલ બાકી છે એટલે મારો કમ્પાઉન્ડર તમારો પીછો કરે છે.

## મારો પાક ભલે નિષ્ફળ જાય પણ દવાનો છંટકાવ કરવો નથી.

દરિયા કિનારે વસેલા કડીયાળી ગામના બિજલભાઈ ૧ એકર જમીન ધરાવતા નાના ખેડૂત છે. ઉંમર ૫૫ વર્ષ, બે પરણીત દિકરા રત્ન કલાકાર છે. બ્રિજલભાઈ તથા તેમના પત્ની ખેતી કરે છે અને કપાસનું વાવેતર કરે છે. જમીન ટુંકી હોવાથી મજુરી કામ પણ કરે છે. છેલ્લા બે ત્રણ વર્ષથી કપાસના પાકમાં ખુબ જ ઓછું ઉત્પાદન આવે છે અને ખેતી ખર્ચ ખુબ વધવાથી વળતર મળતું ન હતુ જેથી તેઓ ખુબજ ચિંતીત હતાં. તેમની પાસે બીજો કોઈ વિકલ્પ પણ ન હતો તેવામાં જંગલી ભુંડ, નિલગાય, રોજ જેવા પ્રાણીઓ નુકશાન પણ કરે, પાણી નહી હોવાથી મગફળી કે બીજા પાકનું વાવેતર કરી શકતા ન હતા.

આ પરિસ્થિતીમાં તેઓ બીસીઆઈ (ઉતમ કપાસની શરૂઆત) કાર્યક્રમ સાથે જોડાયા. આ કાર્યક્રમની તાલીમોમાં જોડાઈ ઓછા ખર્ચે સારૂ ઉત્પાદન મળે તેવી સમજ કેળવી. તેઓએ નિર્ણય કર્યો કે આ વર્ષે ખેતી ખર્ચ ઘટાડવો છે. તેઓએ આંતરપાકમાં મગ કર્યા. સંકલીત જીવાત નિયંત્રણની તાલીમ બાદ તેઓએ નકકી કર્યુ કે

આ વર્ષે દવાના છંટકાવ ઓછા કરવા છે. તેઓ દર વર્ષે ૫૦ કિગ્રા ડીએપી ખાતરનો ઉપયોગ કરતા હતાં. યુરિયા ખાતર ૩ થી ૪ થેલી વાપરતા હતાં. રાસાયણીક દવાઓના ૧૦ વખત છંટકાવ કરતાં હતાં. તાલીમ લીધા બાદ આ વર્ષે તેમણે પાયામાં ૪ ટન દેશી ખાતરનો ઉપયોગ કર્યો છે. ડીએપી નો ઉપયોગ જ કર્યો નથી માત્ર ૧ થેલી યુરિયા ખાતરનો ઉપયોગ કર્યો. આ વર્ષે તેમણે પ્રથમ ૪૦ દિવસ સુધી કોઈ દવાનો છંટકાવ કર્યો નથી. ૪૦ દિવસે અને ૬૦ દિવસે નીમ ઓઈલનો છંટકાવ કર્યો. કપાસના વાવેતરના ૬૦ દિવસ સુધીમાં બે વરસાદ થયાં હતાં ત્યારબાદ વરસાદ ખેંચાતા પાણીની ખુબ જરૂરિયાત ઉભી થઈ પરંતુ આજુબાજુની પણ કોઈ જગ્યા પર પાણી નહી હોવાથી પાકને પિયત મળ્યું નહી. ઓગસ્ટ મહિનામાં ગરમીનું પ્રમાણ વધવા લાગ્યું તેથી થ્રિપ્સનો ઉપદ્વવ પણ વધવા લાગ્યો. વાવેતરના ૭૫ દિવસે ફરી નીમ ઓઈલનો જ છંટકાવ કર્યો. સપ્ટેમ્બર મહિનામાં પણ વરસાદ ખેંચાયો અને થ્રિપ્સનું આક્રમણ હવે શું કરવું ? એ પ્રશ્ન હતો.

આજુબાજુના ખેડૂતો બિજલભાઈને કહેવા લાગ્યા કે તમે દવાનો છંટકાવ નથી કરતાં એટલે તમારા ખેતરમાં થ્રિપ્સનું પ્રમાણ વધી ગયું છે. અમે લોકોને દવાનો છંટકાવ કરીએ છીએ પરંતુ તમારા ખેતરમાં થ્રિપ્સ હોવાથી અમારા ખેતરમાં આવે છે બીજા ખેડૂતો પણ સહાનુંભુતી માટે કહેવા લાગ્યા કે તમારા પાકને બચાવવા માટે દવાનો તાત્કાલીક છંટકાવ કરવો જોઈએ તેના જવાબમા બ્રિજલભાઈએ કહયું કે, "મારો પાક ભલે નિષ્ફળ જાય પણ દવાનો છંટકાવ કરવો નથી" વરસાદ ખેંચાતા ગરમી વધવાને લીધે બધાના ખેતરમાં થ્રિપ્સનો ઉપદ્રવ છે.

વિકટ પરિસ્થિતીમાં તેમણે ૯૦ દિવસે ફોસ્ફેટ સોલીબ્લાઈજીંગ બેકટરીયા(પીએસબી)નો છંટકાવ કર્યો આ છંટકાવથી પાક તંદુરસ્ત બન્યો. સપ્ટેમ્બર માસના બીજા પખવાડીયામાં વરસાદ પણ થઈ ગયો. પાક ફરીથી તંદુરસ્ત થવા લાગ્યો. વાવેતરના ૧૦૫ દિવસના અંતે જૈવિક દવાનો છંટકાવ કર્યો. કપાસના પાન લાલ જેવા થયા હતા તેમાં પણ સુધારો આવી ગયો. આમ, બિજલભાઈએ ઓછા ખર્ચે તેમના પાકનું રક્ષણ કર્યુ.

આ વર્ષે તેમણે ખેતી ખર્ચમાં રૂ.૧૨૫૦ની ડીએપી ખાતરમાં, રૂ. ૯૯૦ની યુરિયા ખાતરમાં રૂ. ૨૦૦૦ની રાસાયણીક દવાઓમાં બચત કરી છે. કુલ રૂ.૪૨૪૦નો ખેતી ખર્ચમાં ઘટાડો કર્યો છે. સામે ઉત્પાદનમાં ઘટાડો થયો નથી. દર વર્ષની જેમ આ વર્ષે પણ તેટલું જ ઉત્પાદન આવ્યું છે. તેમને ત્રણ વીણીમાં ૨૫ મણનું ઉત્પાદન આવ્યું છે અને તેઓ સફળ થયા છે.

કહેવાય છે કે પ્રયત્નો કરવાથી સફળ થવાય છે. જો પ્રયત્નો ન કરવામાં આવે તો કયારેય મંજીલ સુધી પહોચી શકાતું નથી.

**જેની પાસે ફકત પૈસા જ છે તે મનુષ્ય કરતાં વધારે ગરીબ કોઈ નથી.**

## ટકાઉ ખેતી (ગુલાબી ઈયળ)

ખેડૂત મિત્રો, ડીસેમ્બરના અંકમાં વાત કરી હતી કે આ મહિને ગુલાબી ઈયળની વાતો વિગતે કરીશું. તો આપણે તે વિષે ચર્ચા કરીએ.

બીટી કપાસની વાત કરીએ તો ઈયળ પ્રતિરોધક છે. જેમાં ઈયળ આવવી ના જોઈએ. તેનો ઈતિહાસ તપાસીએ તો જયારે ભારતમાં બીટી ૨૦૦૨–૦૩માં આવ્યું ત્યારે ક્રાયવન હતું. જેમાં કોઈપણ પ્રકારની ઈયળ આવતી ન હતી. સમય ગયો અને ઈયળ આવવા લાગી. નવી ટેકનોલોજીમાં ક્રાય ટુ બીટી આવ્યું જે બીજી–રના નામે બજારમાં મળે છે. જેમાં ૨૦૧૩માં ઈયળનો પગ પસરી ગયો. આ વર્ષે કપાસના પાકને અનહદ નુકશાન કર્યુ. ઈયળ આવી કેમ તેનો વિચાર કરીએ તો ખેતી વૈજ્ઞાનીકોના મતે પહેલું કારણ છે કપાસના બીજની સાથે આવેલ નોન બીટીનું વાવેતર કપાના પાકને ફરતે કર્યુ નહી જે મુળ કારણ ગણવામાં આવે છે. કોઈપણ નવી ટેકનોલોજીના ઉપયોગ સાથે તેના નિયમોને નેવે ના મુકી શકાય માટે મારો આગ્રહ છે કોઈપણ ટેકનોલોજીને અપનાવતા પહેલા તેના નિયમોનો અભ્યાસ કરી લેવો જોઈએ. પછી જ ટેકનોલોજીને ઉપયોગમાં લેવી જોઈએ. કંઈક અંશે નકલી બિયારણ પણ જવાબદાર છે. પરંતુ તે સાબિત થયું નથી પણ બીજ પસંદગીની કાળ જીની વાતો આવતા અંકોમાં કરીશુ.

હવે આવતા સમયમાં કપાસમાં જલદી નવી ટેકનોલોજી આવે તેવી આશા રાખી શકાય. પરંતુ જયાં સુધી ટેકનોલોજી ના આવે ત્યાં સુધી તેમજ નવી ટેકનોલોજી આવ્યા બાદ પણ નીચેની કાળજી લેવામાં આવે તો ઈયળના આંતકથી બચી શકાય.

ત્રીજી વીણી કર્યા બાદ કપાસની સાંઠીને ખેરમાથી કાઢી નાખવી સાંબા સમય સુધી સાંઠી ખેતરમાં રાખવી નહી. છેલ્લી વીણી પુરી કર્યા પછી ખેતરમાં ઘેટા બકરાને ચરાવવા જેથી ગુલાબી ઈયળના અવશેષોનો નાશ કરી શકાય. સાંઠીને કાપીને સીધી ખેતરમાં દબાવવી નહી પરંતુ સાઠીનું કમ્પોસ્ટ ખાતર બનાવવું અથવા તો સળગાવી નાખવી. કપાસની સાંઠીને શેઢા પર રાખી મુકવી નહી. ઉનાળામાં ઉંડી ખેડ કરવી. શકય હોય તો પાકની ફેર બદલી કરવી. આજુબાજુના જીણા કચરાને સળગાવી નાખવો. આગોતરૂ વાવેતર ના કરવું સમયસર જ વાવેતર કરવું. નોન બીટીનું વાવેતર ખેતરના ફરતે ફરજીયાત કરવું. યુરિયા ખાતરનો ઉપયોગ જરૂરીયાત મુજબનો કરવો. ફેરોમેન ટ્રેપનો ઉપયોગ કરવો. આટલી બાબતોની કાળજી રાખીને કપાસનું વાવેતર કરવામાં આવે તો ગુલાબી ઈયળને નિયંત્રીત કરી શકાય. આશા રાખું કે આપ આ કાળજી લેશો. મિત્રો, આવતા અંકે પિયત પધ્ધતિ વિશે વિગતે વાતો કરીશું

*– ડી.એન.ઝાલા,એસએસકેકે ધોકડવા*

***જ્ઞાન સ્વરૂપી ધન જો મગજમાં ભરી લે તો કોઈ તેને છીનવી શકતું નથી.***

## પરિવર્તન

કહેવાય છે કે તારા આકાશમાં જ ચમકતા હોય છે પણ જો ઓળખતા આવડે તો અનેક તારલાઓ પૃથ્વી પર આપણી આસપાસ ચમકતા જોવા મળશે આવી જ નાનકડા ચમકતા તારલાની સફળ ગાથા રજુ કરતા આનંદ થાય છે.

આશરે આઠ માસ પહેલાનો એક પ્રસંગ યાદ આવે છે. રેણુકા પોપટભાઈ શીરોલીયાનું હુલામણુ નામ રેણુ. પાંચમા ધોરણની બહારની લોબીમાં એકલી બેઠી હતી. બાકીના બાળકો કલાસમાં બેઠા હતા નજર તેના પર પડી તપાસ કરતા ખબર પડી કે તેને બોલવામાં તકલીફ પડે છે. જેના કારણે બાળકો તેની મજાક ઉડાવે છે. તેથી તે બહાર બેસે છે ત્યારે મનમાં સવાલ થયેલ કે શું બાળક હતાશા અને નિરાશામાં આવુ વર્તન કર્યુ હશે.

થોડા દિવસોના વહાણા વાઈ ગયા એલઈપી કલાસ માંથી દરેડ પ્રાથમિક શાળાની પસંદગી થઈ. રેણુ મારી આખમાંથી હજુ પણ ભુંસાઈ નહોતી પ્રત્યેક બાળકનો આદર કરવો એ પાયાનો વિચાર હતો. બેઈઝલાઈન એસેસમેન્ટ માટે જવાનું થયુ ત્યારે ભગવાનને અંતરથી હું મનોમન પ્રાર્થના કરતો હતો. રેણુની પસંદગી થાય ભગવાને મારી ઈચ્છા પરિપુર્ણ કરી. રેણુ એલઈપી કલાસમાં આવતી થઈ. પાંચમાં ધોરણની વિદ્યાર્થીની શરૂઆતમાં જયારે તે બોલતી બાકીનાં બધા બાળકો હસતા. ધીમે ધીમે બાળકોને સમજાવવામાં આવ્યા કે તેનામાં આ એક જન્મજાત ખોટ છે. તેમાં હસવાનું ન હોય. તેનામાં રહેલ વિશિષ્ટ શકિતને આપણે બહાર લાવવાની છે આખરે બાળકો છે તે સમજી ગયા. શરૂઆતમાં તેની શરમ તોડવાનું કામ કર્યુ. તેને બોલવાની શરૂઆત કરી. તેને સામાન્ય ગણિત અને ભાષા પણ આવડતી નહોતી પણ પ્રથમ પગથિયામાં સફળતા મળવાને કારણે બીજા નિર્ણયો બદલવા મુશ્કેલ ન હતા ધીરે ધીરે તે ગણિતમાળા દ્વારા ગણિત શીખી વાર્તા દ્વારા વાર્તા કહેતી થઈ. તેનો આત્મવિશ્વાસ વધતો ગયો. ધીરે ધીરે પાંચમાં ધોરણનાં કલાસમાં બેસતી થઈ.તેનું માન સન્માન જળવાતુ થયુ. સાથે સાથે શાળામાં પણ નિયમિત આવતી થઈ આજે એલઈપી કલાસ દ્વારા એકડા આવડતા થયા, કકકો બારાક્ષરી શીખી જુદા જુદા આકારો, રંગોળી બનાવતા શીખી કારણ કે અહીં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સબંધ માત્ર વ્યવસાયનો નહોતો પરંતુ માણસાઈનો હતો જે રેણુ બોલવામાં ગભરાતી હતી તેણે શાળાનાં સાંસ્કૃતિક કાર્યક્રમમા ભાગ લઈને બધાને અવાચક કરી દીધા. આપણુ કામ વિદ્યાર્થીના દીમાગમાં જે જ્ઞાન ભર્યુ છે તે જ્ઞાનને પ્રગટ કરવાનું છે. આઠ માસ પહેલાનાં પ્રસંગમાં ધીરે ધીરે બી માંથી અંકુર ફુટી રહયુ છે.

**– ગોરધન વાઘેલા**

**બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે**

## હેલ્થકેમ્પ

ઉતમ કપાસની ખેતી માટેના કાર્યક્રમ સાથે જોડાયેલા લોકોના આરોગ્યની તપાસ તથા પ્રાથમિક સારવાર માટે પ્રોડયુસર યુનિટ વર્ષ દરમ્યાન ૩ થી ૪ આરોગ્ય શિબિરોનું આયોજન કરે છે. ગત માસમાં ઉમેજ (તા.ઉના) ખાતે સર્વરોગ અને નેત્રનિદાન કેમ્પ યોજાયેલ. આ માસમાં તા. ૧૮ જાન્યુઆરી ૧૬ ના રોજ જાફરાબાદ તાલુકાના છેલણા ગામે પ્રોડયુસર યુનિટ–૧ દ્વારા સર્વરોગ અને નેત્રનિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો.

છેલણા ગામમાં ઉતમ કપાસની ખેતી કાર્યક્રમમાં ૧૨૦ ખેડૂતો જોડાયેલા છે. આ ગામમાં મજુરોની સંખ્યા ૪૫ છે. આસપાસના ગામોમાં પત્રિકા તથા રૂબરૂ વાતચીત મીટીંગ અને તાલીમ દરમ્યાન આ કેમ્પ વિષે માહિતી આપવામાં આવી હતી. પોતાના પરિવારના સભ્યો કે કોઈપણ પ્રકારના દર્દોથી પીડાતા હોય તો આ કેમ્પમાં જોડાવા જણાવ્યુ હતું. મગનભાઈ કાનાણી, ભુપતભાઈ કોલડીયા, મંગળભાઈ જોગદીયા, ભાવભાઈ લાડુમોર, નાનજીભાઈ જોગદીયા, મુળુભાઈ વાળા, જીવણભાઈ ખુમાણ તથા હરેશભાઈ વાલાભાઈએ સંકલનની જવાબદારીઓ લીધી હતી.

છેલણા મુકામે યોજાયેલ આ કેમ્પમાં કુલ ૧૨૬ દર્દી હાજર રહયા હતા. જેમાં મુખ્યત્વે આંખના દર્દોમાં જરૂરી તપાસ કરી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આ દર્દીઓ પૈકી જેઓને મોતીયાના ઓપરેશન કરવાની જરૂર જણાઈ તેવા ૧૯ દર્દીઓને વિના મુલ્યે ઓપરેશન કરી મણી બેસાડવામાં આવ્યા હતા.

જે લોકોને વાયરલ ફિવર અને શરદી ઉધરસ જેવા સામાન્ય દર્દો હતા તેમને કેમ્પમાં જ સારવાર આપવામાં આવી, ગંભીર બિમારી વાળા દર્દીઓને તેમના દર્દ અનુસાર નિષ્ણાંત તબીબો વાળી હોસ્પિટલમાં સારવાર લેવા માટે સલાહ અપાઈ હતી.

### ઓકસીજન

એક દિવસમાં એક માણસ ત્રણ સિલિન્ડર ભરાય તેટલો ઓકિસજન શ્વાસમાં લે છે. એક ઓકિસજન સિલિન્ડરની કિંમત છે રૂા. ૭૦૦. એટલે એક વ્યકિત એક દિવસમાં રૂા. ૨૧૦૦ની કિંમતનો પ્રાણવાયુ વાપરે છે. એક વર્ષમાં આ રકમ થાય રૂા.૭,૬૬,૫૦૦ આ હિસાબે એક વ્યકિતને ૬૫ વર્ષ જીવવા માટે ૫ કરોડ રૂપિયાનો ઓકિસજન જોઈએ. આ ઓકિસજન આપણને તદન મફતમાં પૂરો પાડે છે આપણી આસપાસ રહેલા વૃક્ષો. વૃક્ષોનો ઉપકાર અનંત છે. તેઓ આપણને જિંદગી આપે છે, તાજા શ્વાસ આપે છે. તેના બદલામાં કશું જ માંગતા નથી. આપણે જીવવું હોય તો વૃક્ષોને જીવાડીએ.

**માણસને સાચા સ્વરૂપમાં ઓળખવો હોય તો તેને સતા સ્થાને બેસાડો.**

## શિક્ષણ અત્યંત મહત્વપુર્ણ શા માટે?

૧ એક સુખી અને સ્થિર જીવન માટે
૨ નાણા/પૈસા માટે
૩ સમાનતા માટે
૪ તમને સ્વનિર્ભર બનાવે
૫ તમારા સપનાને સાકાર કરે
૬ કપટ/છેતરપીંડીવાળા લોકોથી બચાવે
૭ દેશની આર્થિક વૃધ્ધિ માટે.
૮ સમુદાય/ સોસાયટી માટે
૯ તમારો વિશ્વાસ વધારે
૧૦ આદર/માન – સન્માન માટે

જયારે ભણવાની ઉમંર હતી ત્યારે આપણે ભણ્યા હોત તો આજે આવા દિવસો જોવાનો વારો ન આવ્યો હોત. પરંતુ ગુજરાતીમાં એક કહેવત છે જાગ્યા ત્યારથી સવાર. આપણે આપણા જીવનમાં જે નથી કરી શકયા એ આપણે આપણા બાળક પાસે કરાવી આપણા સપના પુરા કરીએ. આજના આ આધુનિક યુગના જાગૃત વાલી તરીકે આપણી ફરજ છે કે આપણે આપણા બાળકોને શિક્ષણ અપાવીએ પછી એ દીકરો હોય કે દીકરી બન્ને વચ્ચે ભેદભાવ ન રાખીએ બન્નેને સમાન તક આપીએ અને આપણા બાળકોનું જીવન ઉજ્જવળ બનાવવા તેને સાચી રાહ બતાવીએ જેથી ભવિષ્યમાં ગમે તેવી મુશ્કેલીઓ આવે તો તેનો સામનો કરી શકવાની શકિત તેમનામાં હોય. આજે દુનિયા બહુ ઝડપથી આગળ વધી રહી છે. આજના આ ઝડપી યુગમાં ટકી રહેવા માટે આપણી પાસે જ્ઞાન અને આવડત હોવા ખુબ જરૂરી છે જો આજના આ ઝડપી યુગના સમય પ્રમાણે આપણે નહી ચાલીએ તો આપણે બહુ પાછળ રહી જઈશુ. આપણા બાળકને શા માટે ભણવામાં રસ નથી તેનો અભ્યાસ કરી તેને ભણવા માટે રસ પડે તેવા પ્રયાસો કરીએ. હવે શિક્ષણ વગરનું બધુ જ નકામું છે. દરેક વાલી પોતાના બાળકના ભવિષ્ય વિશે વિચારતા જ હોય છે પછી એ ગરીબ હોય કે અમીર. પણ અમુક આર્થિક, સામાજીક પરિસ્થિતીને કારણે ઘણી વખત બાળકના શિક્ષણ ઉપર તેની અસર જોવા મળતી હોય છે. માટે ચાલો આજે આપણે સંકલ્પ કરીએ કે પરિસ્થિતી ગમે તેવી હોય, આપણા બાળકને શિક્ષણ અપાવીશુ.

શિક્ષણ પ્રત્યે જો સમાજ બેદરકાર હશે તો શિક્ષણ ઉપર તેની માઠી અસર થશે અને પુરી સફળતા નહી મળી શકે. માટે સમાજે જાગૃત થવું જ પડશે માત્ર વાતોથી કે મિટીંગોથી નહી ચાલે, પણ સતત કાર્ય કરવું પડશે.

સમાજ જો સાચા રાહ પર, જાગૃત અને હકારાત્મક રહે તે જરુરી છે. દરેક નાગરીકે પોતાની ફરજ સમજી બીજાનું હિત જાણીને આ કાર્યમાં સહભાગી થવું જોઈએ.

**સંકલનઃ હંસરાજ જે પેથાણી ત્રંબોડા**

***માતા બાળકની શિક્ષા, દિક્ષા અને સંસ્કારનો ગુરૂ છે.***

## ગ્રામ સંજીવની સમિતી

નેશનલ હેલ્થ મિશનમાં બાળમૃત્યુદર અને માતામૃત્યુ દરમાં ઘટાડો, વસ્તી વધારામાં સ્થિરતા, બિમારીના ફેલાવામાં અટકાવ તથા માતા–બાળ સ્વાસ્થ સેવા વગેરે મુદાઓનો સમાવેશ થયો છે. લોકો સુધી સ્વાસ્થ્ય અંગે જાણકારી પહોંચે તેમાટે આશાની નિમણૂંક કરી છે, દરેક ગામમાં નિયત થયેલા દિવસે મમતા દિવસનું આયોજન થાય છે, દરેક ગામને આરોગ્ય કેન્દ્ર સાથે સાંકળી લેવામાં આવ્યા છે જેથી સમયસર સ્વાસ્થ્ય સેવાઓ લોકો સુધી પહોચી શકે, કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૪ કલાક અને અઠવાડિયાના સાતેય દિવસ ખુલ્લા રહે તેવી સગવડ કરવામાંઆવી છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સમુદાય સ્વાસ્થ્ય કેન્દ્ર પર નિષ્ણાંત ડોકટર દા.ત. બાળ નિષ્ણાંત સ્ત્રી રોગ નિષ્ણાંતની નિમણુંક કરવામાં આવી છે, સ્વાસ્થ્ય સેવાઓ લોકો સુધી પહોચે તે માટે દરેક સ્તરપર સ્વાસ્થ્ય સેવાનું પંચાયત સાથે જોડાણ કરવામાં આવ્યું છે.

રાજય સરકારશ્રીના ૨૦૦૭ના ઠરાવથી દરેક ગામોમાં ગ્રામ્ય આરોગ્ય અને સ્વચ્છતા સમિતીની રચના કરવામાં આવી હતી. ૨૦૧૧ માં તે નામમાં ગ્રામ્ય આરોગ્ય સ્વચ્છતા અને પોષણ સમિતી એવો સુધારો કરવામાં આવ્યો હતો. ૨૦૧૨ માં તેનુ નામાભિધાન ગ્રામ સંજીવની સમિતી કરવામાં આવ્યુ.

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા બે વર્ષ પહેલા સુરત જીલ્લાના બારડોલી તાલુકામાં રચાયેલી ૭૬ ગ્રામ સંજીવની સમિતીઓમાં બેઈઝલાઈન કરી દરેક સભ્યોના ઓરીએન્ટેશન બાદ સમિતી વાર ૭ સભ્યોની તાલીમ કરવામાં આવી હતી. તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓએ જણાવેલી બાબતો તથા અમલીકરણના તબકકે નડતી વાસ્તવિક મુશ્કેલીઓ અને તેના યોજાતા ઉપાયો સંસ્થાની ટીમ સમજી શકી હતી.

ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી, અમરેલીએ ગ્રામ સંજીવની સમિતી અને પીઆરઆઈના સભ્યોને ઓરીએન્ટેશન કરવા આ સંસ્થાને જવાબદારી સોંપવામાં આવી હતી. ધારી, ખાંભા તથા અમરેલી તાલુકાની કુલ ૧૯૮ સમિતીઓના કુલ ૧૨૦૬ સભ્યોને તેઓની ભૂમિકા અને જવાબદારીઓ પરત્વે જાગૃત કરવાનું કાર્ય જાન્યુઆરી માસમાં સંસ્થા દ્વારા હાથ ધરાયેલ છે.

આ બાબતે ૧લી જાન્યુઆરીએ આ ઓરીએન્ટેશન કાર્યમાં સામેલ થનાર સંસ્થાના દરેક કાર્યકરો માટે તાલીમ યોજવામાં આવી હતી. ડીસ્ટ્રીકટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટના પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રી કેશવ શર્મા, ફાયનાન્સ ઓફીસરશ્રી નિલેશ મસરાણી તથા નીતીન દોંગાએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ હતુ.

*ઈનામ કે ધન દોલત તમને સામે ચાલી મળી આવશે પણ જ્ઞાન તો મહેનતથી જ મેળવવુ પડશે.*

**Happy birthday**

*Payal Jodhani* *02.02.1995*
*Parita Patolia* *10.02.1993*
*Lalji Makvana* *21.02.1992*

***In this month***

*1 ToT for GSS orientation*
*8-9 The first set of training cum workshop for Avirat FPC by ProCIF and CSPC*
*8-9 The first set of training cum workshop for Avirat FPC by ProCIF and CSPC*
*18 Village volunteers training at Babra*
*18 Health camp at Chhelana (Jafrabad)*
*19 Health and agriculture workshop with villagers and students in NSS camp Dhajdi*
*19-20 Visit of learning and migration program by AIF representatives*
*22 LEP learning audit demonstration at samakhiyali under LAMP*
*26 Calibration of republic day and learning audit at Dared*
*27 SMC federation workshop at Babra*
*28 Learning audit at Charkha in LEP class*
*28-29 Orientation of GSS members at Motasamadhiyala, Khadadhar, and Dedan*

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સફળતાના પાયામાં હંમેશાં સંઘર્ષ જ હોય છે.**